GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ગુજરાતી ભાષા સાહિત્યનો ડિજિટલ યુગ : એક વિહંગાવલોકન

ડૉ. જિજ્ઞાસા ચાવડા

શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, બેડીપરા, સંત કબીર રોડ, રાજકોટ : 360003

Mo.No. 9426853111

Email : jignasabenchavda@gmail.com

## ભૂમિકા

ગુજરાતી ભાષા સાહિત્ય હવે ડિજિટલ યુગમાં પ્રવેશી ચૂક્યું છે. એકવીસમી સદીનું સૌથી શક્તિશાળી પરિબળ માહિતી છે. આજે માહિતીનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું જાય છે.માહિતીનું જ્ઞાન એ એક રૂપાંતરણની પ્રક્રિયા છે. તે માટે ગુજરાતી ભાષા સાહિત્યમાં વ્યક્તિગત, સામાજિક કે વૈશ્વિક જ્ઞાન સર્જન માટે માહિતીનાં જુદાં જુદાં સ્વરૂપની શોધ, સમજ, મૂલ્યાંકન અને ઉપયોગ કરવાનો રહે છે. ભાષા સાહિત્યનું માહિતીજ્ઞાન એ શક્તિઓની હારમાળા છે, જ્યાં ગુજરાતી ભાષા સાહિત્યનું ખેડાણ કરનારે માહિતી અને તેના સ્થાનની ઓળખ તથા તેના અસરકારક ઉપયોગનું કૌશલ્ય વિકસાવવાનું રહે છે. માહિતીજ્ઞાન અને ડિજિટલ જ્ઞાન જુદા પ્રકારના જ્ઞાન છે. માહિતીજ્ઞાન એ ડિજિટલના હાર્ડવેર અને સોફ્ટવેરના ઉપયોગથી કંઈક વિશેષ છે. ગુજરાતી ભાષા સાહિત્યના માહિતીજ્ઞાન માટે માહિતી માટેની જરૂરિયાતની ઓળખ,જરૂરી માહિતીના સ્થાનની ઓળખ, માહિતીની જરૂરિયાત આધારિત પ્રશ્નો, માહિતીના છુપાયેલા સ્રોતની ઓળખ, સફળ શોધ ટેક્નિકનો વિકાસ, કમ્પ્યૂટર અને અન્ય ટેક્નોલોજી આધારિત માહિતીના સ્રોત સાથેનું જોડાણ, માહિતીનું મૂલ્યાંકન, વ્યવહારું ઉપયોગ માટે માહિતીની ગોઠવણ,સ્થાપિત જ્ઞાન સાથે નવા જ્ઞાનનું જોડાણ,ચિંતન અને સમસ્યા ઉકેલમાં માહિતીનો ઉપયોગ, માહિતીનો નૈતિક અને કાયદાકીય ઉપયોગ વગેરે બાબતોમાંથી પસાર થવું પડે છે ત્યારે ગુજરાતી ભાષા સાહિત્ય ડિજિટલ પ્રાધાન્ય બનતું જાય છે. તેથી ગુજરાતી ભાષા સાહિત્યનો ડિજિટલ યુગ : એક વિહંગાવલોકન વિશે અહીં રજૂઆત કરવાનો ઉપક્રમ છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

જેમાં ડિજિટલ યુગમાં માહિતી સંચાલન ટેક્નોલોજી અને ટેક્નોલોજીનાં કૌશલ્યો, ગુજરાતી ભાષા સાહિત્યમાં ડિજિટલ માહિતી પ્રાપ્તિ વિશેના સ્રોતોનું જ્ઞાન, ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજી, ગુજરાતી ભાષા સાહિત્યમાં ઓનલાઈન ઈ–બુક, ગુજરાતી ભાષા સાહિત્ય માટેનાં સંશોધનોનું ડિજિટલ માધ્યમ, ઈન્ટરનેટ દ્વારા પ્રાપ્ય ગુજરાતી ભાષા સાહિત્યનાં શબ્દકોશ, જ્ઞાનકોશ અને વિશ્વકોશ જેવા મુદ્દાઓ વિશે છણાવટ કરવામાં આવી છે.

**ડિજિટલ યુગમાં માહિતી સંચાલન, ટેક્નોલોજી અને ટેક્નોલોજીનાં કૌશલ્યો**

ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતી પ્રવાહિતા આવી ત્યારે ગણાય, જ્યારે તે માહિતીક્ષમતાની નિપુણતા કે ક્ષમતા સાથે સંબંધિત છે. પછી ઉપયોગકર્તાનું ભાષા સાહિત્ય અંગેનું શિક્ષણ શરૂ થાય છે. તે વૈશ્વિક પ્રયત્ન છે જે ઉપયોગકર્તાને ભાષા સાહિત્ય વિશેની માહિતીનું જોડણ શીખવે છે. તે સંચાલન, ટેક્નોલોજી અને ટેક્નોલોજી કૌશલ્યો ઉપર ભાર મૂકે છે.જે માહિતી સમર્થતા તરફ ગતિ થાય છે. જેમાં માહિતીની શોધ અને પુનઃ પ્રાપ્તિ આધારિત ઉપયોગકર્તાની તાલીમ સંદર્ભિત છે. તેમાં માહિતી આધારિત લક્ષ્ય અને કૌશલ્યનો હેતુ છે.જે ઉપયોગકર્તા માટેનું ઓરિએન્ટેશન કરે છે. આમ ઉપયોગકર્તા માટેનું ઓરિએન્ટશન માહિતી મેળવવાની શક્તિ ઉપર ભાર મૂકે છે. તે ઉપયોગકર્તાને ટેક્નોલોજીના ઉપયોગ વિશે જાગૃત કરવા સંબંધિત હોય છે. આ કામ ડિજિટલ યુગમાં બળવત્તર બન્યું છે.

ગુજરાતી ભાષા સાહિત્યમાં ડિજિટલ માહિતી પ્રાપ્તિ વિશેના સ્રોતોનું જ્ઞાન

એકવીસમી સદીમાં ગુજરાતી ભાષા સાહિત્યમાં વિશિષ્ટ પ્રકારના જ્ઞાનની જરૂર રહે છે. માહિતીના આ ઝડપી યુગમાં ભાષા સાહિત્યે અગ્રેસર રહેવા માટે જે મુજબના જ્ઞાનની અપેક્ષા રખાય છે. તેમાં, માહિતી પ્રાપ્તિના સ્રોતો વિશેનું જ્ઞાન, અસરકારક પ્રત્યાયન કરવા માટે જુદા જુદા માધ્યમોમાં ઈમેજ સર્જન કરવાનું જ્ઞાન,નેટવર્ક જ્ઞાન, યોગ્ય માર્ગે માહિતી મેળવવા અને માહિતીનું વ્યવસ્થાપન, જોડાણ અને ગોઠવણી,વેબ જ્ઞાન, તે વર્લ્ડ વાઈડ વેબ ઉપર માહિતીનું સર્જન, અને માહિતીની શોધ, જોડાણ, ઉપયોગ અને પ્રત્યાયન

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

અંગેના કૌશલ્યો, ડિજિટલ જ્ઞાન, જે ડિજિટલ માહિતીના જોડાણ, સંગ્રહ, સંયોજન, મૂલ્યાંકન અને ડિજિટલ માહિતીના અસરકારક ઉપયોગ સંબંધિત છે.

**ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતી અને પ્રત્યાયન ટેક્નોલજી**

હવે ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતી અને પ્રત્યાયન ટેક્નોલજીનો વિશેષ ઉપયોગ થઈ રહ્યો છે. ઈન્ટરનેટ ઉપર માહિતીનો ખજાનો મળી રહે છે. ગુજરાતી ભાષા સાહિત્ય માટે જોઈતી ચોકકસ માહિતીનું સ્થાન, સ્વરૂપ તથા પ્રક્રિયાની સ્પષ્ટ માહિતી મળે તો સમય અને ખર્ચ બચે તથા વૈશ્વિક માહિતીના આધારે ગુજરાતી ભાષા સાહિત્યના વાંચન, લેખન અને સર્જનને જીવંત બનાવી શકાય. ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતીજ્ઞાનના મહત્ત્વને ધ્યાનમાં રાખીને ઉપયોગમાં આવી શકે તેવી જરૂરી માહિતીની પ્રાપ્તિના સ્રોતો અને તેના ઉપયોગની વિગતોની જાણકારી પહેલાં હોવી જોઈએ. આ માહિતી જુદા જુદા સ્વરૂપે પ્રાપ્ય છે.ઑનલાઈન મળતી માહિતી તરીકે મુદ્રિત સામગ્રી/દ્રશ્ય : પુસ્તકો, થીસીસ, ડિઝર્ટેશન,જર્નલ, ચિત્રો ; શ્રાવ્ય : કડિયો બુક, ઑડિયો કિલપ ; દ્રશ્ય–શ્રાવ્ય : વિડિયો, ફિલ્મ વગેરે.

**ગુજરાતી ભાષા સાહિત્યમાં ઓનલાઈન ઈ–બુક**

ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતી તરીકે મુદ્રિત સામગ્રી અંતર્ગત પુસ્તકો, થિસીસ, ડિઝર્ટેશન અને સંશોધન સામયિકનો ઉપયોગ કરવામાં આવે છે. આ સામગ્રીને ઓનલાઈન મેળવી શકાય છે. પુસ્તકોને ઈ બુક સ્વરૂપે ઑનલાઈન વાંચી અને ડાઉનલોડ કરી શકાય છે. બધા પુસ્તકો ઓનલાઈન ડાઉનલોડ કરી શકાતા નથી. જયારે કેટલીક સાઈટ્સ પુસ્તકો વાંચવાની અને ડાઉનલોડ કરવાની છૂટ આપે છે.જે પ્રકાશકો પોતાના પુસ્તકને પારંપરિક રીતે પ્રમાણિત કરે છે તેઓ પણ હવે જે તે પુસ્તકને ઈ બુક સ્વરૂપે પ્રકાશિત કરે છે. ઈ બુકમાં ખર્ચ ઓછો થતો હોવાથી અને તેની પહોંચ વધુ વાચકો સુધી હોવાથી હવે ઈ બુકનું વિશ્વ ખૂબજ ઝડપથી વિકસી રહ્યું છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**ગુજરાતી ભાષા સાહિત્ય માટેનાં સંશોધનોનું  ડિજિટલ માધ્યમ**

ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતી પ્રત્યાયન ટેક્નોલોજીના લીધે સંશોધનકાર્ય માટે પૂર્વે થયેલાં સંશોધનોની વિગતો ડિજિટલ માધ્યમ દ્વારા સરળતાથી મળી રહે છે. જે સ્થળ, સમય અને ખર્ચને અનુકૂળ હોય છે. ગુજરાતી ભાષા સાહિત્યના અભ્યાસકો સ્થાનિક  સંશોધનોનો ઉપયોગ કરી શકે છે. ઈન્ટરનેટ દ્વારા મળતી સુવિધાઓને કારણે હવે સંશોધકો પોતાના સંશોધનને અનુરૂપ વિશ્વના અન્ય ખૂણામાં થયેલાં સંશોધનોની વિગતો સરળતાથી મેળવી શકે છે. ગુજરાતી ભાષા સાહિત્યમાં માહિતી પ્રત્યાયન ટેક્નોલોજીના ઉપયોગથી અભ્યાસક અનેક સંશોધનોને જોઈ શકે છે અને ડાઉનલોડ કરી શકે છે. સંશોધનો ઑન લાઈન મૂકવામાં આવતાં હોવાથી યુનિવર્સિટીને પોતાની પ્રાદેશિક ભાષામાં સંશોધનો મૂકવાની સગવડ મળે છે. જેથી વાચક પોતાની પ્રાદેશિક ભાષામાં ઉપયોગ સામે જરૂરી માહિતી મેળવી શકે છે. આ માટે ઈન્ફ્લિબનેટ પોતાની સેવાને ભારતની બધી યુનિવર્સિટી અને કૉલેજો સુધી વિસ્તારી રહ્યું છે. આ સેવા માટે માન્ય ઈન્ટરનેટ કનેક્શન હોવું જરૂરી છે. જો કે ભવિષ્યમાં શૈક્ષણિક કર્મચારીને તેનો પોતાનો સ્વતંત્ર પાસવર્ડ આવશે જેથી સંશોધક કોઈપણ સ્થળે પોતાના પાસવર્ડનો ઉપયોગ કરીને આ સેવાનો લાભ લઈ શકશે. ગુજરાતી ભાષા સાહિત્યના થીસીસ તથા ડિઝર્ટેશનની ઉપલબ્ધિ માટે માન્ય વેબસાઈટ પણ ઉપયોગી છે. આ સાઈટ માટે કોઈ વિશિષ્ટ ઈન્ટરનેટ જોડાણની જરૂર નથી. કોઈ પણ સંશોધક આ સાઈટ ઉપર જઈને થીસીસ અથવા ડિઝર્ટેશન જોઈ શકે છે અને ડાઉનલોડ કરી શકે છે. આ સેવા મફત છે.

**ઈન્ટરનેટ દ્વારા પ્રાપ્ય ગુજરાતી ભાષા સાહિત્યનાં શબ્દકોશ, જ્ઞાનકોશ અને વિશ્વકોશ**

ઈન્ટરનેટ ઉપર  ગુજરાતી ભાષા સાહિત્યના શબ્દકોશ, જ્ઞાનકોશ અને વિશ્વકોશ વિના મૂલ્યે મળે છે. પારંપરિક શબ્દકોશ, જ્ઞાનકોશ અને વિશ્વકોશના ઉપયોગ માટે શબ્દ અને તેના સંદર્ભ શોધવાનો પ્રયત્ન કરવો પડે છે. વિજાણુ શબ્દકોશ, જ્ઞાનકોશ અને વિશ્વકોશમાં માત્ર શબ્દ ટાઈપ કરવાથી શબ્દનો અર્થ, સમાનાર્થી–વિરોધી શબ્દ, તેનો સંદર્ભ, વાક્યમાં પ્રયોગ, શબ્દની ઉત્પત્તિ અને બંધારણ તથા વિશ્વકોશ

સાથેનું તેનું જોડાણ મળી રહે છે. હવે આવા કોશની સેવાનો લાભ મોબાઈલ હેન્ડસેટમાં પણ મળી રહે છે. આ ઉપરાંત ટોકિંગ શબ્દકોશની વ્યવસ્થા પણ મળે છે. જેમાં જે તે શબ્દનું સાચું ઉચ્ચારણ સંભળાવવામાં આવે છે.

**ગુજરાતી ભાષા સાહિત્યનાં ઓનલાઇન જર્નલ્સ**

ગુજરાતી ભાષા સાહિત્ય માટે આજે અનેક સાઇટ્સ ઓનલાઈન જર્નલ્સની સેવા આપે છેકેટલીક સાઇટ્સ . મફત સેવા આપે છે. સાઈટ પર શોધ માટે અલગ અલગ વિકલ્પો આપે છે. જેમકે, પ્રવાહ, શીર્ષક અને પ્રકાશક અનુસાર, સંશોધક માત્ર પોતાના વિષયના ચાવીરૂપ શબ્દો આપે તો એકદમ ચોક્કસ સમયગાળાના લેખો તે મેળવી શકે છે. આ માટે કૉલેજ કે યુનિવર્સિટીએ કેટલીક ફી ભરવાની રહે છે. ત્યારબાદ તે યુનિવર્સિટી પોતાના કર્મચારીને આ સેવાનો લાભ આપી શકે છે. આ સેવાનો લાભ માત્ર માન્ય કનેક્શન ઉપર જ લઈ શકાય છે. ખાનગી ઈન્ટરનેટ કનેક્શન ઉપર આ સેવા મેળવી શકાતી નથી. કૉલેજ કે યુનિવર્સિટી પોતાના કર્મચારી કે સંશોધકને પાસવર્ડ આપી આ સેવાના ઉપયોગની સ્વતંત્રતા આપી શકશે.

**સાઇટ્સ દ્વારા પ્રાપ્ય સંશોધન સામયિકો**

ગુજરાતી ભાષા સાહિત્યમાં સંશોધન સામયિકોના પ્રકાશક તરીકે જે તે પ્રકાશ ચોક્કસ સમયગાળા માટે પોતાના સંશોધન સામયિકો પોતાની સાઈટ ઉપર બધા જ ઉપયોગકર્તા માટે વિનામૂલ્યે મૂકી શકે છે. વર્ષમાં એક કે બે વાર એક મહિના માટે તે પોતાના જર્નલ્સ મૂકી શકે. આ સમયગાળામાં કોઇપણ ઉપયોગકર્તા આ સામયિકોને વાંચી તથા ડાઉનલોડ કરી શકે. આ માટે તેની સાઇટ ઉપર જઈને પોતાના ઈ મેઈલ સાથે ઉપયોગકર્તાએ રજિસ્ટ્રેશન કરાવવાનું રહે. ત્યારબાદ પોતાની જરૂરિયાત અનુસાર જે તે પ્રવાહના સંશોધન સામયિકો તે ડાઉનલોડ કરી શકે. જો કોઈ ચોક્કસ વિષય કે મુદ્દાને ધ્યાનમાં રાખીને ગુજરાતી ભાષા સાહિત્ય મેળવવા ઇચ્છતાં ઉપયોગકર્તા માટે તે સેવા પણ પૂરી પાડી શકે. ઉપરાંત કેટલીક સ્વતંત્ર સાઇટ્સ અને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

કેટલીક યુનિવર્સિટી પોતાની સાઇટ્સ ઉપર જર્નલના ઉપયોગની સેવા આપે છે. આ માહિતી જે તે યુનિવર્સિટીની વેબસાઈટની મુલાકાત લેવાથી મળી શકે.

**ગુજરાતી ભાષા સાહિત્યના વિડીઓ મેળવવા માટે યુટયુબ ચેનલ્સ**

ગુજરાતી ભાષા સાહિત્યના વિડીઓ મેળવવા માટે યુ ટયુબ પ્રસિદ્ધ સાઈટ છે. ત્યાર બાદ ઉપયોગકર્તા પોતાને ઉપયોગી હોય તેવા વિડીઓ આ સાઈટ ઉપર જોઈ શકે છે અને પોતાને અનુકૂળ હોય તેવા સ્વરૂપમાં વિડીઓ ડાઉનલોડ કરી શકે છે. આ સાઈટ ઉપરથી વિડીઓ જોવા કે ડાઉનલોડ કરવા માટે કોઈપણ યુઝર એકાઉન્ટની જરૂર પડતી નથી. યુટ્યુબની સાઈટ ઉપર જવાથી આ માહિતી મળી રહે છે. આ સાઈટ ઉપર ઉપયોગકર્તાને પ્રાથમિકથી માંડી ઉચ્ચકક્ષાના વિડીઓ મળી રહે છે. જે તે વિષયના વિડીઓ એકમ અનુસાર પણ મળે છે. કોઈ પ્રકરણ વિષય ઉપર વિશ્વના કોઈ નિષ્ણાત વક્તાનું પ્રવચન કે પ્રયોગ સાંભળી શકાય છે.

**ઉપસંહાર**

ગુજરાતી ભાષા સાહિત્યના ડિજિટલ યુગમાં પ્રવેશથી સાહિત્ય સમૃદ્ધ બન્યું છે.તેથી ભાષાનાં વાંચન, લેખન અને સર્જનને વેગ મળ્યો છે. તેની ગતિમાં પ્રગતિ આવી છે. વળી, સમય, શક્તિ અને નાણાંનો વ્યય થયાં વિના ગુજરાતી ભાષા સાહિત્યને સમૃદ્ધ બનાવવાનાં દ્વારા ખુલી ગયાં છે. મોબાઈલ, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ, વેબસાઇટ્સ, ગૂગલ, યુટ્યુબ વગેરેના ઉપયોગથી ઓનલાઈન માહિતી પ્રાપ્ત થતી હોવાથી ગુજરાતી ભાષા સાહિત્ય સર્જનમાં એક બદલાવ લાવી શકાયો છે. ગુજરાતી ભાષા સાહિત્ય માટે માહિતી પ્રત્યાયન ટેક્નોલોજીના ઉપયોગના લીધે સંશોધનોની ક્ષિતિજો વિસ્તરવા લાગી છે. ગુજરાતી ભાષા સાહિત્યના શબ્દકોશ જ્ઞાનકોશ અને વિશ્વકોશની ઉપલબ્ધિ ઓનલાઈન શક્ય બની છે. આમ, ગુજરાતી ભાષા સાહિત્યનો ડિજિટલ યુગ આશીર્વાદરૂપ બન્યો છે.

**સન્દર્ભ**

Thaker M. & Others (Ed.) ( 2011 )**. Information communicative technology.** G. H.Sanghavi Shikshan Mahavidyalaya, Bhavnagar ( Gujarat).